ગાંધીનગર સમાચાર

સંસ્કૃતિ સંસ્થા દ્વારા ૧૭મીએ વિશિષ્ટ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

@ગાંધીનગર

● શહેરમાં યોજાઈ રહેલ ગણેશોત્સવ અંતર્ગત શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સે-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

સિવિલમાં બેઝ હોસ્પિટલ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી તા.૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મદિવસે ગાંધીનગરની મુલાકાતે આવનાર છે. ગાંધીનગર - અમદાવાદ માર્ગપર આવેલા રાયસણ વિસ્તારમાં રહેતા તેમના માતા હિરાબાના નિવાસ સ્થાને પહોંચી તેમના આશિર્વાદ મેળવશે. પ્રધાનમંત્રીની મુલાકાતને અનુલક્ષી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલમાં ચહલ પહલ વધી જવા પામી છે. નવા બિલ્ડીંગમાં અલાયદો વોર્ડ અને સંકુલમાં ખાસ બેઝ હોસ્પિટલ તૈયાર કરાઈ છે તેમજ ડોકટરોને સ્ટેન્ડ ટુ ના આદેશ પણ તંત્ર દ્વારા આપી દેવામાં આવ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિને ગાંધીનગર શહેરી વિસ્તારમાં વસવાટ કરતા તેમના માતૃશ્રી હિરાબાના આશિર્વાદ લેવા માટે ગાંધીનગરની મુલાકાતે છે. જેને પગલે સમગ્રતંત્રની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે વડાપ્રધાનની મુલાકાતને અનુલક્ષી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ નવી બિલ્ડીંગમાં પ્રથમ માળે આંખના ઓપરેશન થિયેટરની બાજુમાં ખાસ અલાયદો વીવીઆઈપી વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં વેન્ટીલેટર, મોનીટર, ઈસીજી, ઈન્જેકશન, જરુરીયાત તમામ મેડીસીન સહિત ટેલીફોનની વ્યવસ્થા ઉભી કરાઈ છે. જયારે અલાયદા વોર્ડમાં અન્ય બે વ્યકિત સાથે રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. પ્રધાનમંત્રી ગાંધીનગરની મુલાકાતે આવે તેના ચાર કલાક પહેલા અને પ્રધાનમંત્રી જાય ત્યાં સુધી ડોકટરોની ટીમને સ્ટેન્ડ ટુ રહેવાના આદેશો જારી કર્યા છે. જયારે હોસ્પિટલ સંકુલમાં ખાસ બેઝ હોસ્પિટલ તંત્ર દ્વારા ઉભી કરવામાં આવશે જેમાં તમામ વિભાગોના એચઓડી ડોકટરોની ટીમ પણ ખાસ હાજર રહેશે. પીએમ ગાંધીનગરની મુલાકાતે આવવાના હોવાથી હોસ્પિટલ તંત્રમાં ભારે ચહલ પહલ જોવા મળી રહી છે. જયારે હોસ્પિટલ તંત્ર દ્વારા ડોકટરોની બેઠકોનો દોર પણ શરુ થઈ ગયો છે. તેમજ અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારી સોંપણી પણ કરી દેવાઈ છે.

જે.એમ. ચૌધરી વિદ્યાલય દ્વારા વૃક્ષારોપણ કરાયું

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગર ખાતે પ્રવાસ પર્યટન મંડળ દ્વારા 'વૃક્ષારોપણ' કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પ્રાંગણમાં લીમડાના વૃક્ષોને રોપવામાં આવ્યા હતા લીમડાના વૃક્ષની ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને મંડળે વૃક્ષો વાવ્યા હતા. આચાર્યા સંતોકબેન ચૌધરી, સુપરવાઈઝર ચારૂલબેન પુરોહિત, વર્ષાબેન પટેલ તથા શાળાના મંત્રીઓએ કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીનીઓએ આ વૃક્ષોના જતનની જવાબદારી પણ સ્વીકારી હતી.

જીઆઈપીએસના વિદ્યાર્થીઓએ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા પ્રિ-પ્રાયમરી વિભાગના નાના નાના ભૂલકાઓને શહેરના ધાર્મિક સ્થળોની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન બાળકોને અલગ અલગ ધર્મવિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જેવા કે સેકટર-૮ના ચર્ચમાં, સાંઈબાબાના મંદિરમાં, ગુરુદ્વારા અને ઝુલેલાલ મંદિર સહિતના સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓમાં સર્વ ધર્મ સમાન સમભાવની ભાવના કેળવાય તે હેતુસર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્કૂલના નાના ભૂલકાંઓએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

એલડીઆરપી કોલેજમાં એરફોર્સ કેરિયર અંગેનો સેમિનાર યોજાયો

સેકટર-૨૩ શ્રીમતી આર.જી. ગર્લ્સ સ્કૂલ દ્વારા એલડીઆરપી ખાતે એરફોર્સ કેરિયર અંગેનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં એરફોર્સમાં નોકરી માટેની તકો વિશે માહિતી આપવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં 'વોલ્વો' લકઝરી બસમાં ફાઈટર પ્લેન અને હેલીકોપ્ટર કઈ રીતે ટેક ઓફ થાય અને કઈ રીતે યુધ્ધમાં કામ કરે તે અંગે પ્રેકટીકલી સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને આચાર્ય સુધાબેન અને વિજ્ઞાનપ્રવાહ સુપરવાઈઝર ગીતાબેને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ તથા એ.આર. પટેલ અને એ.એ. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

કેટલાક રુટની બસો અંબાજી ફાળવી દેવાતા મુસાફરો મુશ્કેલીમાં

ગાંધીનગર, તા.૧૪

ભાદરવી પૂનમે નિમિતે અંબાજી રૂટમાં મોટાભાગની બસો દોડાવતા નિયમિત અપડાઉન કરતા મુસાફરોની બસ સેવા ખોરવાઈ જવા પામી છે. જયારે ગાંધીનગરથી રાજયના ગ્રામિણ વિસ્તારમાં નિયમિત દોડતી કેટલીક બસો પણ અંબાજીમાં ભકતો માટે ફાળવી દેવામાં આવતા મુસાફરોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ગાંધીનગર ડેપોમાંથી ઉપડતી તેમજ આવતી બસની રાહ જોઈને કેટલાક મુસાફરો બેસી રહે છે જયારે નિયમિત સમય બાદ પણ બસ ના આવતા મુસાફરો પુછપરછ માટે જાય છે ત્યારે ખબર પડે છે કે તે બસ નહી આવે અંબાજી માટે ફાળવી દેવામાં આવી છે. જયારે મુસાફરોના કલાકોનો સમય બગડ્યા બાદ ન છુટકે અન્ય બસનો સહારો લઈને જવુ પડે છે અથવા ખાનગી વાહનોમાં ઝોખમી મુસાફરી કરવી પડે છે.

ભાદરવી પૂનમે અંબાજી ખાતે માનવ મહેરામણ ઉમટી પડેછે. પૂનમના દિવસે મા ના દર્શન કરવા રાજયભરમાંથી અંદાજીત ૨૦લાખથી વધુ ભકતો ઉમટી પડે છે જેને પગલે અંબાજી ખાતે ભારે ટ્રાફિક હોય છે. ભકતોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવે છે. મુસાફરો માટે વાહનવ્યવસ્થાના ભાગરુપે અંબાજી થી ખાસ રૂટની બસો દોડાવામાં આવે છે. અંબાજી માટે ગાંધીનગર ડેપોમાંથી પણ ૪૦ બસો ફાળવી દેવાતા બસ સેવાને ૨૦ટકાની ઘટ પ્રવર્તી રહી છે. જયારે ડેપોમાં રહેલા મુસાફરોને કેટલાક રૂટ કેન્સલ કર્યાની જાણ ન હોવાથી બસની રાહ જોઈને બેઠા હોય છે છતા બસ ના આવતા બસ માટે વલખા મારવા પડે છે. ડેપોમાં પુછપરછ ઈન્કવાયરી ખાતે જાય છે ત્યારે ખબર પડે છે કે બસ નહી આવે અંબાજી ફાળવી દેવાઈ છે. મુસાફરોના સમયની બરબાદી બાદ ના છુટકે થોડા થોડા અંતરની બસમાં મુસાફરી કરીને ઘરે પહોંચવાનો વારો આવે છે.જયારે કેટલાક મુસાફરોને તો બસ ના જતી હોય તેમજ સમય ના હોય તો ખાનગી વાહનમાં ઝોખમી મુસાફરી ખેડવાનો વારો આવે છે. ત્યારે બસ ડેપોમાં વારંવાર જે રુટની બસ રદ કરી હોય તેનું એનાઉન્સમેન્ટ થાય તેવી મુસાફરોની લાગણી અને માંગણી છે.

પાર્કિંગ પ્લેસ - જિલ્લા સેવા સદન સંકુલ પાસે પાર્કિંગ પ્લેસ વિકસાવાઈ રહ્યો છે... શહેર-જિલ્લામાં વધતા વાહનોના પગલે જિલ્લા કક્ષાની કચેરીઓ પાસે પણ પાર્કિંગની સમસ્યા ઘેરી બનતી જાય છે... કલેક્ટર કચેરીના સંકુલ પાસે છેલ્લા ઘણા સમયથી પાર્કિંગ પ્લેસ તૈયાર કરાવાઈ રહ્યું છે....

મંત્રીની સુચના બાદ પણ આર. ટી.ઓ. કચેરીમાં ૨ હજાર આર.સી. બુક પેન્ડીંગ

ગાંધીનગર તા ૧૪

લાંબા સમયથી ચાર્જમાં ચાલતી કહેવાતી હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. અગાઉ વાહનવ્યવ્હાર મંત્રીએ આર ટી ઓ કચેરીની મુલાકાત લઈ પેન્ડીંગ આર સી બુકના કેસોનો નિકાલ કરવા સુચના આપી હતી. પરંતુ મંત્રીની સુચના બાદ હજુ પણ ૨ હજાર આર સી બુક પેન્ડીંગ છે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરી સમગ્ર રાજયમાં હાઈટેક આર ટી ઓ કચેરી હોવાના બણગા ફુંકવામાં આવે છે. આમછતા ટેકનિકલ ખામીઓથી ઘેરાયેલી આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવાની સાથે અનેક ખામીઓ સર્જાતા અરજદારોના કામ અટવાય છે.જેના પરિણામે અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. જેના લીધે હાઈટેક આર ટી ઓ કચેરી

અગાઉ વાહનવ્યવ્હાર મંત્રીએ આર ટી ઓ કચેરીનો રાઉન્ડ લીધો હતો ત્યારે અરજદારોએ રજુઆત કરી હતી

અરજદારો માટે શિરદર્દ સમાન બની છે. થોડા સમય અગાઉ વાહન વ્યવ્હાર મંત્રીએ આર ટી ઓ કચેરીની મુલાકાત લીધી હતી. ત્યારે આર સી બુકના પડતર કેસોનો નિકાલ કરવા માટ સુચના આપી હતી. તેવા સમયે અંદાજીત ૩૫૦૦ જેટલી આર સી બુક પેન્ડીંગ હતી જયાર મંત્રીની સુચના બાદ પણ આર સી બુકના મામલે અરજદારોની હાલાકીનો અંત આવ્યો નથી. હાલમાં પણ ૨ હજાર કિસ્સામાં આર સી બુક પેન્ડીંગ છે. જેના પરથી આર ટી ઓ કચેરીની વહીવટી કામગીરીનો ચિતાર સ્પષ્ટ થાય છે. વાહનવ્યવ્હાર મંત્રીની સુચના બાદ પણ આર ટી ઓ કચેરીના મંદ વહીવટમાં ગતિ આવતી નથી. ત્યારે સામાન્ય અરજદારોના કામો અટવાતા આમ નાગરિકોએ ગોથે ચઢવાનો વારો આવે છે.

ઇન્દ્રોડા ગામમાં ઘરમાં ઘુસીને પડોશી મહિલા પર હુમલો

ગાંધીનગર શહેર નજીક આવેલા ઈન્દ્રોડા ગામમાં ગઈ રાત્રી એ એક યુવાને પડોશમાં રહેતી મહિલાના ઘરમાં ઘુસીને ધમાલ મચવી મુકી હતી. રવિવારે ગણેશ વિસર્જન વખતે મજાક મશ્કરી દરમ્યાન થઈ ગયેલી બોલાચાલી ની અદાવત રાખી યુવાને ગઈ રાત્રે મહિલાના ઘરમાં ઘુસીને મહિલા ઉપર હુમલો કર્યો હતો. આ મામલે મહિલાની ફરીયાદને આધારે સ્થાનિક પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

ઈન્દ્રોડા ગામમાં રહેતા રમીલાબેન ઉમેશજી ઠાકોરને ગઈ રાત્રે ઘરમાં ઘુસીને પડોશમાં રહેતા યુવાન શખ્સ કમલેશ ચતુરભાઈ ઠાકોરે ધોકા મારીને ગડદાપાટુનો માર માર્યો હતો. ઘાયલ થયેલા રમીલાબેને આ મામલે કમલેશભાઈ સામે ફરીયાદ આપતા પોલીસે તેની સામે આઈ.પી.સી કલમ ૪૫૨,૩૨૩,૫૦૪ અને ૫૦૬ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. તપાસ અધિકારી મહિલા પી.એસ.આઈ એમ.આર.પટેલના જણાવ્યાનુસાર રવિવારે આ ફળીયાનાં ગ્રામજનો ગણેશ વિસર્જન માટે ગયા હતા ત્યારે મજાક મસ્તીમાં તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. આ અદાવત તો હતી જ દરમ્યાન ગઈ મોડી સાંજે પણ તેમને કોઈ બાબતે માથાકુટ થઈ હતી. જેને પગલે કમલેશ ગઈ રાત્રે ધોકો લઈને રમીલાબેનનાં ઘરમાં ઘુસી ગયો હતો અને મારઝુડ કરી મુકી હતી. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

'સંસ્કૃતિ' સંસ્થા દ્વારા ૧૭મીએ વિશિષ્ટ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા આગામી તા. ૧૭મી સપ્ટેમ્બરને શનિવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે હિન્દી ફિલ્મોના માત્ર મહિલાઓએ ગાયેલા ગીતોનો કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવનાર છે. 'કૂહૂ કૂહૂ બોલે કોયલીયા-યત્ર નાર્યસ્તુ પૂજયન્તે તત્ર રમન્તે દેવતા'શિર્ષક હેઠળ પ્રસ્તુત થનાર આ કાર્યક્રમમાં હિન્દી ફિલ્મોના કેવળ મહિલા ગાયકોએ ગાયેલા ગીતો રજૂ કરવામાં આવશે. ખાસ પસંદ કરેલા જુદા સ્વરૂપના ગીતો જેવા કે સોલો, ડયુએટ, ટ્રાયો, કોરસ ગીતો પ્રસ્તુત થશે. વળી આ કાર્યક્રમમાં માત્ર જુની ફિલ્મોના જ નહીં પણ નવી ફિલ્મોના મનભાવન ગીતોનો પણ સમાવેશ કરવામાં આવનાર છે. અમદાવાદના જાણીતા સંગીત નિયોજક શ્રી અમિત ઠક્કરના માર્ગદર્શન હેઠળ સર્વ શ્રી દિમી દેસાઈ, દર્શના ગાંધી, પરાગી અમર અને નીકિતા શાહ દ્વારા નવા જુની ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ થશે. આ કાર્યક્રમનું સંચાલન પણ જાણીતા મહિલા ઉદઘોષીકા શ્રીમતી હેપ્પી નાયક કરશે. આ અંગેના નિમંત્રણપત્રો સંસ્થાના સભ્યો તથા નિમંત્રીતોને પાઠવી દેવામાં આવ્યા છે. જો કોઈ સભ્યને ન મળે તો સંસ્થાના મંત્રી શ્રી મનોજ શુકલનો મો.નં. ૯૮૨૫૮ ૭૯૫૨૯ પર સંપર્ક સાધવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

શહેરમાં વાહન ચોરો બેફામ વધુ બે વાહનોની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં વાહનચોરો બેફામ બની ગયા છે. દર બે-ચાર દિવસે પાટનગરમાં એક વાહન ચોરીનો કિસ્સો ધ્યાને આવે છે. તો બીજી તરફ પોલીસ સી.સી.ટી.વી કેમેરા જોયા સિવાય કંઈ કરતી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બે દિવસમાં શહેરમાંથી વધુ બે વાહનોની ઉઠાંતરી થવા પામી છે. સે.૭ પોલીસ સ્ટેશનમાં આ મામલે વાહનચોરીનાં ગુના નોંધાવા પામ્યા છે. તો વાહન ચોરીનાં વધતા કિસ્સાઓની સામે પોલીસ વાહન ચોરોને પકડવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે.

શહેર પાસે આવેલી સરગાસણ ચોકડી નજીક એક ફ્લેટમાં રહેતા અમિતભાઈ ભરતભાઈ મહેતા ગઈ કાલે સવારે પોતાનુ એવિયેટર લઈને ઘ-૨ સર્કલ ગયો હતો. ૩૦ હજારની કિંમતનુ જી.જે.૧૮ સી.જી ૩૪૪૪ નંબરનું વાહન સર્કલે મુકીને અમિતભાઈ બહાર ગયા હતા અને બપોરે પરત આવ્યા તો ત્યા સુધીમાં એવિયેટર ગાયબ થઈ ગયુ હતુ. આ મામલે સે-૭ પોલીસે અમિતભાઈની ફરિયાદને આધારે વાહન ચોરીનો ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. બીજી તરફ આજે સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર નજીકથી સે-૭ માં રહેતા હરેશભાઈ મગનભાઈ પુરબિયાનુ જી.જે ૧૮ ક્યુ ૨૮૦૦ નંબરનું ઈટર્નો ચોરી થઈ જવા પામ્યુ છે. આ મામલે હરેશભાઈની ફરિયાદ મુજબ સે-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે.

ગાંધીનગર દલિત સેના દ્વારા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા રાજભવન, સરકીટ હાઉસ હોલ ખાતે સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલન જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. જેમાં ગુજરાત પ્રદેશ દલિત સેનાના પ્રભારી મુકેશભાઈ ગુર્જર અને પ્રમુખ ડી.બી. પરમાર, સેન્ટ્રલ ઝોનના પ્રમુખ જયંતી ઉસ્તાદ, ઉત્તર ઝોનના પ્રમુખ કનુભાઈ ચૌહાણ, લઘુમતી સેલના નવા નિમાયેલ નજરભાઈ શેખ, બનાસકાંઠા લોજપા જિલ્લા પ્રમુખ બાબુભાઈ ભાટીયા, મધ્યઝોનના પ્રમુખ જશુભાઈ નાડીયા ગુજરાત પ્રદેશના પદાધિકારી દલપત વણઝારા, રમેશ કઠેરિયા, મીનાક્ષીબેન, ભગવતીબેન સહિતના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સંમેલનમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ડાહ્યાભાઈ દ્વારા આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે રેલીમાં જોડાવા સર્વેને હાકલ કરી હતી. તેમજ ભાવિ કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. સંમેલન બાદ સાંજે ૫ કલાકે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની મુલાકાત લઈ દલિતોના પ્રશ્નોને ન્યાય અપાવવા સંગઠન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સંમેલનમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને હોદ્દેદારો હાજર રહ્યા હતા.

શ્રાદ્ધપક્ષનો આવતીકાલથી પ્રારંભ

પિતૃઋણમાંથી મુકત થવા શ્રાધ્ધ કર્મનું મહત્વ, પિતૃ શ્રાધ્ધ કરવાથી વંશની વૃધ્ધી થતી હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ, શ્રાધ્ધ પક્ષમાં શુભ કાર્યો વર્જિત બનશે

ગાંધીનગર, તા.૧૪

હિંદુ સંસ્કૃતિમાં પિતૃઓ અર્થે કરવામાં આવતા કર્મને શ્રાધ્ધ ગણવામાં આવ્યું છે. આવતીકાલ ભાદરવી પૂનમથી પિતૃતર્પણનો ઉત્તમ સમય શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થશે જે અમાસ સુધી ચાલશે. શ્રાધ્ધ પક્ષને શરદીયા અથવા પિતૃપક્ષ તરીકે પણ મનાવવામાં આવે છે. પિતૃ શ્રાધ્ધ કરવાથી વંશની વૃધ્ધી અને સુખ શાંતિ તેમજ સફળતા પ્રાપ્ત થતી હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ કરાયો છે. જેમાં અમાસ ને સર્વપિતૃ અમાવસ્યા તરીકે શ્રાદ્ધ કરાય છે અને આ તિથિ એ કુળના સમસ્ત પિતૃઓને ઉદ્દેશીને શ્રાધ્ધ થતું હોય છે. શ્રાધ્ધ પક્ષમાં શુભ કાર્યો આવતીકાલથી જ વર્જિત બની જશે.

શ્રાધ્ધ પક્ષનો આવતીકાલ પૂનમથી પ્રારંભ થશે. આમ તો ભાદરવા વદ એકમથી અમાસ સુધીના શ્રાધ્ધ થતા હોય છે. પરંતુ જે દિવસે પિતૃ સ્વર્ગવાસી થયા હોય તે દિવસ ગણતા પૂનમે પણ શ્રાધ્ધ કરાતું હોય છે. શ્રાધ્ધના જુદા જુદા પ્રકાર હોય છે. જેમાં નાંદી શ્રાધ્ધ, બાલાભોળાનું શ્રાધ્ધ કે જેમના સંતાનો બાલ્યાવસ્થામાં મૃત્યુ પામ્યા હોય તે માટેનું શ્રાદ્ધ, ડોશીઓના શ્રાધ્ધ ને નોમનું શ્રાધ્ધ કહેવાય છે, પાંચમનું ભરણી શ્રાધ્ધ, છઠ્ઠનું કૃતિકા, સંન્યાસીઓના શ્રાધ્ધ માટે બારસનું શ્રાધ્ધ ઉત્તમ હોય છે. તેરસનું શ્રાધ્ધ કે અકસ્માતે મૃત્યુ પામેલાઓ માટે

મઘા શ્રાધ્ધ ગણાય છે. અસ્ત્ર શસ્ત્રથી ચૌદશનું શ્રાધ્ધ અને જાણે અજાણે કે ભુલથી કોઈ પણ પિતૃનું શ્રાધ્ધ કરવાનું રહી ગયું હોય તો તેના માટે સર્વ પિતૃ અમાવસ્યાનું શ્રાધ્ધ થતું હોય છે.

યમ સ્મૃતિ નામના ગ્રંથમાં પાંચ પ્રકારના શ્રાધ્ધનું વર્ણન કરવામાં આવ્યું છે જેને નિત્ય, નૈમિત્તિક, કામ્ય, વૃધ્ધિ અને પાર્વણના નામથી ઓળખવામાં આવે છે. શ્રાધ્ધ વિશે ગ્રંથોમાં અનેક દાખલા દર્શાવાયા છે જેમાં ભગવાન રામે વનવાસ દરમિયાન પોતાના પિતૃ દશરથનું શ્રાધ્ધ કર્યું તો પરશુરામે પિતા જમદગ્નિ મૂનિનું પણ શ્રાધ્ધ કરેલું છે. શ્રાધ્ધ પક્ષમાં દરેક શ્રાધ્ધી પોતાની શકિત પ્રમાણે શ્રાધ્ધ કરે છે જેમાં ઘરે કાગવાસ નાખીને પિતૃઓની ભાવતી રસોઈ બનાવી શ્રાધ્ધની ઉજવણી થાય છે તો કેટલાંક શ્રાધ્ધી નદી કિનારે પણ શ્રાધ્ધ કરવા જાય છે જેમાં નર્મદા નદીના કિનારે ચાણોદ-કરનાળી, સિધ્ધપુર, હરિદ્વાર, ગંગા, પુશ્કર વગેરે સ્થળોએ શ્રધ્ધાપૂર્વક પૂજન વિધિ સાથે શ્રાધ્ધ તર્પણ થાય છે અને પિતૃ દોષ નિવારણ પણ થતું હોય છે. શ્રાધ્ધ પક્ષમાં શ્રધ્ધાથી પિતૃઓનું શ્રાધ્ધ કે પિંડદાન થાય તો પિતૃઓને મોક્ષ મળે છે. શ્રાધ્ધ પક્ષમાં કોઈ શુભ કાર્ય કરી શકાતું નથી જેથી ભકિતભાવપૂર્વક કુટુંબના સભ્યો એક સંપ થઈ શ્રાધ્ધ પર્વ ઉજવે તો દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થતી હોય છે.

સે-૧૭ ટાઉનહોલ ખાતે મૃતાત્માઓની શાંતિ અર્થે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાશે

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગર અને જુનિયર સિટિઝન કાઉન્સિલના સંયુકત ઉપક્રમે શહેર જિલ્લાના મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે આગામી તા. ૨૫ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાંજલિને અનુરૂપ સુગમ સંગીતના ખ્યાતિ પ્રાપ્ત કલાકાર નયન પંચોલી અને સાથી કલાકારો તેઓના સ્વર થકી ઈશ્વરની અનુભૂતિ કરાવશે તથા સ્વજનો દ્વારા મૃત સ્વજનોના ફોટા તા. ૨૦ સપ્ટેમ્બર સુધીમાં જુસીકા કાર્યાલય ખાતે મોકલવાના રહેશે તેમજ આ કાર્યક્રમમાં મૃત સ્વજનોના ફોટા ૨૦-૧૦ના બેનરમાં મઢી શ્રદ્ધાંજલિ સ્વરૂપે મુકવામાં આવશે. બંને સંસ્થાના સભ્ય પરિવાર અને ગાંધીનગરમાં વસતા દરેક મૃત્માઓના સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પવા ઉપસ્થિત રહેવા જીલુભા ધાધલે અનુરોધ કર્યો છે તેમજ પાસ ન હોય તેઓને ટાઉનહોલ પરથી મળી રહેશે. આ સદકાર્યમાં મૃતાત્માઓને શાંતિ અર્થે આર્શીવચન આપવા પૂજય વિરલ બાપુ પણ ઉપસ્થિત રહેશે.

ચિરવિદાય

- સ્વ. સતીષભાઈ કાન્તિભાઈ ચૌહાણ, ઉ.વ.૩૯
- સ્વ. ઘનશ્યામદાસ તેજુમલ વાસવાણી, ઉ.વ.૭૨
- સ્વ. મહર્ષિ અશોકકુમાર ઠાકર, ઉ.વ.૩૦
- સ્વ. સવિતાબેન રાજુભાઈ ઠાકોર, ઉ.વ.૩૮

વાતવાતમાં

● મંગળવારે સાંજે ૧૭/૨૨ પાસેના નાના શોપીંગ સેન્ટર ખાતેના ડીલક્ષ પાન પાર્લરના માલિકનું બાઈક એકાએક તેની પાર્ક કરાયેલી જગ્યાએથી ગુમ હોવાનું માલુમ પડયું હતું. તેની આશરે બે કલાક શોધખોળ હાથ ધરી હતી. અંતે હોસ્ટેલમાં રહેતા કેટલાક વિદ્યાર્થીઓ તે બાઈક સાથે આવ્યા હતા અને ભુલથી એક સરખા દેખાતા બાઈકના કારણે લઈ ગયા હતા જેને માફી માંગી પરત કર્યું હતું.

● કોર્ટ અને કલેકટર ઓફિસની વચ્ચેના ભાગે બંને તરફ પાર્કિંગની વ્યવસ્થા માટે ફેન્સીંગ તેમજ પેવર બ્લોકનું કામકાજ હાથ ધરાયું છે. પાર્કિંગ લોટ ડેવલપ કરવાના કારણે અહીં ઉભા રહેતા ચા ખાણી પીણી સહિતના લારી ગલ્લાવાળાઓ હવે નવી જગ્યા શોધવાની મથામણમાં પડયા છે.

● સે-૩/૪ ચોકડી પાસે મુખ્ય માર્ગ પર એક ઝાડ ઘણા દિવસથી પડી ગયું છે. વળી આ માર્ગ પર અનેક ઝાડને ટ્રીમીંગ કરવું પડે તેવી સ્થિતિ છે. પરંતુ તંત્ર દ્વારા ઉપેક્ષા કરાઈ રહી છે.